R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવકાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૯
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 43 DATE: 27-10-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## બેરીયમ સોલ્ટના પ્રતિબંધથી ૯૦ ટકા ફટાકડાનું ઉત્પાદન બંધ થઇ જશે

સુપ્રીમ કોર્ટે ફટાકડામાં બેરિયમ સોલ્ટ અથવા તો બેરીયમ નાઈટ્રેટ પર પ્રતિબંધ મુક્યો છે તેના કારણે અત્યાર સુધી બજારમાં મળતા ફટાકડામાંથી ૯૦ ટકા ફટાકડાનું ઉત્પાદન બંધ થઈ જશે તેમ ફટાકડાના ઉત્પાદકોનું કહેવું છે. હવે પછી બજારમાં હજાર,પાંચહજાર કે દસહજાર ટેટાની લુમ મળતી હતી તે બંધ થઈ જશે.

નિષ્ણાંતોના મતે એલ્યુમિનિયમ સાથે બેરિયમ સોલ્ટનો ઉપયોગ કરાય ચે તો તેના કારણે ફટાકડામાંથી સફેદ પ્રકાશ નિકળે છે અને તણખા ઝરે છે તે આ કેમિકલને કારણે થાય છે.બાળકોને સૌથી વધુ મઝા આવે છે તેવા કોઠી,તારામંડળ, પેન્સીલ વગેરેમાં આ બેરીયમ નાઈટ્રેટનો ઉપયોગ થાય છે.આથી સુપ્રીમના આદેશનું અક્ષરશઃ પાલન કરવામાં આવે તો તણખા ઝરતાં હોય તેવા ફટાકડા બજારમાં મળવાના બંધ થઈ જશે.

સુપ્રીમ કોર્ટે દિવાળીના તહેવારમાં અતિશય અવાજ,પ્રકાશ અને ધુમાડો ફેલાવતાં ફટાકડા પર પ્રતિબંધ લાદ્યો છે.હાલમાં જે ફટાકડા બને છે તે પૈકી ૯૦ ટકા ફટાકડામાં પ્રતિબંધિત બેરીયમ સોલ્ટનો ઉપયોગ થાય છે.ફટાકડા ઉત્પાદકોના મતે ગ્રીન ફટાકડા વર્તમાન સમયમાં હજુ માત્ર વિચારના તબક્કે જ છે. માત્ર સરકાર અને ઉત્પાદકોએ તેના ઉત્પાદન માટે નક્કર પગલાં ભરવાની જરુર છે.સુપ્રીમ કોર્ટે ફટાકડામાં વપરાતા બેરિયમ સોલ્ટ કે બેરિયમ નાઈટ્રેટ તરીકે ઓળખાતા કેમિકલ પર પ્રતિબંધ મુક્યો છે.આ કેમિકલના ઉપયોગથી બનતા અને સફેદ પ્રકાશ ફેલાવતા ફટાકડા પર સંપુર્ણ પ્રતિબંધ મુક્યો છે.બેરિયમ નાઈટ્રેટ એ એલ્યુમિનિયમના સંયોજનથી બનતું કેમિકલ છે.આ કેમિકલના ઉપયોગથી જ ફટાકડો સળગ્યા બાદ સફેદ પ્રકાશ ફેલાવે છે. અને તણખા ઝરે છે.ફુલઝર,ફુવારોૃઅનાર પેન્સીલ વગેરે જેવા ફટાકડા આ કેમીકલ વગર બનવા શક્ય જ નથી તેવું શિવકાશીના ઉત્પાદકો કહે છે.૯૦ ટકા ફટાકડા ઉત્પાદનમાં આ કેમિકલનો ઉપયોગ થાય છે.લવિગિયાની લુમ અથવા સેર ફટાકડા લંબાઈમાં મોટા હોવાને કારણે મોટા પ્રમાણમાં પ્રદુષિત ગેસ છોડે છે.

## સીબીઆઇની ગરિમા જાળવવા માટે ડિરેક્ટરોને રજા પર ઉતારાયા છે : તમામ આરોપોની તપાસ સ્વતંત્ર સીટ કરશેઃ નાણાંમંત્રી જેટલી



સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્મા અને સ્પેશીયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાને રજા પર ઉતારી દેવાના સરકારના નિર્ણયને ઉચિત ગણાવતાં કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ જણાવ્યુ હતું કે સરકારે દેશની ટોચની તપાસ એજન્સીની ગરીમા જાળવવા માટે આ પગલું લીધું છે.જેટલીએ જણાવ્યુ હતું કે દેશની પ્રીમીયર ઈન્વેસ્ટીગેશન એજન્સીની ગરીમા જળવવા અને નિષ્પક્ષ તપાસ હાથ ધરાય તે માટે ભ્રષ્ટાચારના આરોપોમાં ઘેરાયેલા સીબીઆઈના બે ટોચના અધિકારીઓ સામેની નિષ્પક્ષ તપાસ પુરી ના થાય ત્યાં સુધી તેમને રજા પર ઉતારી દેવા જરુરી હતી.નિષ્પક્ષ તપાસ પુરી થયા બાદ નિર્દોષ અધિકારી સીબીઆઈમાં પરત ફરશે. એક સ્વતંત્ર એસઆઈટી આ મામલાની તપાસ કરશે.તપાસ એજન્સીની ગરિમા જળવાઈ રહે તે અમારી પ્રાથમિકતા છે.

## રાફેલ પર સવાલ ઉઠાવનારા સીબીઆઇ ડાયરેક્ટરને રાતોરાત દુર કરાયા : દેશ અને બંધારણ ખતરામાં છે - રાહુલ ગાંધી

રાજસ્થાનમાં જનસભાને સંબોધિત કરતી વેળાએ રાહુલ ગાંધીએ સરકાર પર પ્રહારો કરતાં કહ્યુ હતું કે સીબીઆઈમાં થઈ રહેલા ફેરફારોને રાફેલ સોદા સાથે સાંકળતી કેટલીક કડીઓને કારણે ડાયરેકટરોની રાતોરાત હકાલપટ્ટી કરવામાં આવી છે.ચોકીદારે સીબીઆઈના ડાયરેકટરને પદ પરથી દુર કર્યા હતા.તેમણે રાફેલ પર સવાલ ઉઠાવ્યા હતા.સીબીઆઈના વડા રાફેલ કૌભાંડના દસ્તાવેજો એકત્રીત કરી રહ્યા હતા. તેમને જબરજસ્તીથી રજા પર ઉતારી દેવાયા હતા.વડાપ્રધાનો સ્પષ્ટ સંદેશો છે કે જે કોઈ રાફેલની આસપાસ જશે તો તેને દુર કરી દેવાશે,તેને મીટાવી દેવાશે.દેશ અને તેનું બંધારણ ખતરામાં છે.

રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે તેઓ કહી રહ્યા હતા કે ‘મારે તો દેશના ચોકીદાર બનવું છે.પણ ચોકીદાર ચોર બની ગયો’મોદીની જનમેદનીની સંબોધનની નકલ કરતાં તેઓ વારંવાર ચોકીદાર શબ્દનો ઉપયોગ કરી રહ્યા હતા.અને મેદની પાસે ચોર બોલાવતા હતા. તેમણે મેદનીને એ વાતની યાદ અપાવી કે નીરવ મોદી,લલિત મોદી અને નરેન્દ્ મોદી એમ ત્રણેય નામમાં



મોદી શબ્દ લાગે છે.રાહુલ ગાંધી રાજસ્થાનમાં ચુંટણી પ્રચાર કરી રહ્યા છે.

## સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશનના બે ઉચ્ચ અધિકારીઓની લડાઇમાં સરકારની આબરુના ધજાગરા થઇ ગયા અને સીબીઆઇની વિશ્વસનીયતા ઘટી ગઇ



સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા સીબીઆઈ માટે કરાયેલ ટીપ્પણી ‘પાંજરાનો પોપટ’ ખરેખર સરકારની આબરુના ધજાગરા ઉડાવતો અને પોતાની વિશ્વસનીયતા ઘટાડતો સાબિત થઈ ગયો.સીબીઆઈના વન અને ટુ ડીરેક્ટર આલોક વર્મા અને રાકેશ અસ્થાના વચ્ચેની લડાઈ અદાલતમાં પહોચી ગઈ.સીબીઆઈના ઉચ્ચ અધિકારીઓ ઉંચી લેવડ દેવડ કરીને કેસોની પતાવટ કરે છે તેવું તથ્ય બહાર દેખાઈ રહ્યું છે.કોઈપણ સરકારો આવે અને જાય પરંતુ તેઓ સીબીઆઈમાં પોતાના માનીતા અધિકારીઓની ગોઠવણ કરે અને હિસાબો સેટલ કરે એ એક વાસ્તવિક હકીકત બની ગઈ છે. લોકોને અત્યારસુધી કોઈપણ કેસમાં ન્યાય મેળવવા માટે સીબીઆઈની તપાસ પર વિશ્વાસ હતો તે ખતમ થઈગયો.

બે અધિકારીઓની લડાણિાં મોદી સરકારની આબરુ ધુણધાણી થઈ ગઈ છે. જો કે વડાપ્રધાને કેસની ગંભીરતાને ધ્યાને લઈને રસ લીધો અને વધુ આબરુ રગદોળાતી અટકાવી છે.હવે દુધનુ દુધ અને પાણી જુદા પાડવાનું કામ થશે.ભ્રષ્ટાચાર થયો છે તે પાકે પાયે છે અને તે મોટાપાયે થયો છે.પરંતુ દેશમાં લોકપાલ હોત અને અધિકારીઓની નિમણુંક મેરિટ પર થઈ હોત તો આ બનત નહીં. પરંતુ ચુંટણીઓ માટે વિપક્ષોને ભારે મસાલો ઉપલબ્ધ બન્યો છે તેમાં શંકા નથી.

## સીબીઆઇ બની બીબીઆઇ ,ભાજપ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન : મમતા બેનરજી

સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્મા પર લેવાયેલા પગલાંની ટીકા કરતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જણાવ્યુ હતું કે સીબીઆઈ હવે બીબીઆઈ એટલે કે ભાજપ બ્યુરો ઓફ ઈન્ટેલીજન્સ બની ગઈ છે.આ અત્યંત દુર્ભાગ્યપુર્ણ બાબત છે.

જનતાદળ યુના નેતા કે.સી.ત્યાગીએ જણાવ્યુ હતું કે કોગ્રેસના રાજ્યમાં આ બધું જોતા હતા પરંતુ હવે મોદી શાસનમાં આ સ્થિતિ જોઈને ઘણુ દુઃ ખ થાય છે.સીબીઆઈમાં અધિકારીઓની



નિયુક્તિ રાજ્યના ક્વોટાના આધારે થવી જોઈએ નહી. સીબીઆઈને અધિકારીઓ પસંદ કરવાનો અધિકાર હોવો જોઈએ.

નવકાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

## અમૃતસર ટ્રેઇન દુર્ઘટના માટે રાવણ દહનનો ઉત્સવ જવાબદાર હોવાનું અને તહેવારોમાં ઓતપ્રોત થઇ જતી જનતા માટે હવે ખાસ વ્યવસ્થા કરવી જરૂરી છે

છાસવારે તહેવારો દરમિયાન જનતા દુર્ઘટનાનો ભોગ બની રહી છે તે માટે વ્યવસ્થા તંત્રજવાબદાર છે.અમૃતસરની ટ્રેઈન દુર્ઘટના માટે રેલ્વે તંત્ર કે ટ્રેઈન ડ્રાઈવરને જવાબદાર ઠેરવવા કરતાં ટ્રેક ઉપર ભેગી થયેલી જનતાને કોઈ જવાબદારી નથી તેનું ભાન કરાવવાનું રહેશે. મંદિરોમાં તહેવારો દરમિયાન ભેગી થયેલા ભીડમાં શંકા કુશંકા અને અફવાને કારણે થતી ભાગદોડમાં થતી જાનહાની, કે તહેવારોમાં નદી સ્નાન કરવાની બાબતે હોડીઓ ડુબી જવાની ઘટનાઓમાં થતી હિંસા માટે કોની જવાબદારી ફિક્સ કરીશું ? જ્યાં સુધી જનતા પોતાની પવિત્ર ફરજ શિસ્તનું પાલન નહીં કરે તો ત્યાં સુધી આવી ગમખ્વાર ઘટનાઓ ઘટતી રહેશે તે નિશંક છે.

રેલ્વ તંત્રએ પોતાની ભુલ નથી કહીને હાથ અધ્ધર કરી દીધા અને સરકારી તંત્રએ અકસ્માતની  મેજીસ્ટેરીયલ તપાસનો હુકમ અને મરનારને અમુક રકમની લ્હાણી કરી નાંખવાથી ઘટનાની ગંભીરતા ઓછી થઈ જતી નથી.જાહેર શિસ્ત લોકોમાં આવે તે માટે સખ્ત કદમ ઉઠાવવાનો પ્રયાસ સરકારોએ હવે કરવો રહ્યો.

એજ પ્રમાણે દિવાળી કે અન્ય તહેવારો અને લગ્ન પ્રસંગોમાં જાહેરમાં ફોડવામાં આવતાં ફટાકડાથી કેટલીક વાર અકસ્માતો સર્જાય છે તે જાન લેવા પણ હોય છે અને જીંદગીભરની ખોડ ખાંપણ મુકી જાય છે.કાયદાઓ માત્ર પોથી પુરતા રહી જાય છે અને તેનું પાલન થતું નથી. સરવાળે હોનારત સર્જાય ત્યારે બધુ યાદ આવે છે.હાલમાં સુપ્રીમ કોર્ટે દિવાળી પ્રસંગે ફટાકડા ફોડવા માટે સમય મર્યાદા નક્કી કરી છે. પરંતુ તેનો અમલ થાય છે કે નહી તે જોવાનું ર હ્યું. રાત્રીના ૧૨ વાગ્યા પછી જોરદાર ફટાકડા ફોડવામાં આવે છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## સરદાર પટેલનું સ્ટેચ્યુ તેમની જન્મ જયંતિ નિમિત્તે કેવડીયા કોલોની ખાતે મુકવામાં આવશે અને તેનું ઉદ્‌ઘાટન વડાપ્રધાનશ્રી કરશે



સરદાર પટેલ જયંતી ૩૧ ઓક્ટો.સ્ટેચ્યુ ઓફ યુનીટીનુ ભવ્ય લોકાપર્ણ માટે તડામાર તૈયારીઓ ચાલી રહી  છે.આ કાર્યક્રમને મહત્વાકાક્ષી કાર્યક્રમ બનાવવા માટે તમામ સ્તરેથી પ્રયાસ આદરવામાં આવી રહ્યા છે.આ કાર્યક્રમની તૈયારીનું મોનિટરીંગ રાજ્યના ઉચ્ચ સ્તરેથી લઈને દિલ્હીની પીએમઓ ઓફીસ દ્વાર પણ થઈ રહ્યું છે.વડાપ્રધાનનો ગ્રાડ શો બનાવવા તમામ સ્તરેથી ભારે મોટા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.૨૦૧૯ની ચુંટણીઓ માટે આવા ભવ્ય કાર્યર્કમો કરીને લોકોને આંજી નાખવાનો પ્રયાસ કરવામાં આવશે.

## વિદેશી પ્રોફેશનલો એચ૧-બી વિઝા માટે પ્રસ્તાવ મંજુર થશે તો અરજી નહીં કરી શકે : ભારતીય વિદ્યાર્થીઓને લાભ મળશે

અમેરિકામાં ટ્રમ્પ પ્રશાશન જાન્યુઆરી ૨૦૧૯માં એચ૧-બી વિઝા નીતિમાં મોટા ફેરફાર કરવાનો પ્રસ્તાવ મુકશે. જો આ પ્રસ્તાવ મંજુર થઈ જશે તો વિદેશી પ્રોફેશનલ્સો એચ૧-બી વિઝા માટે અરજી કરી શકશે નહીં.આ નિર્ણયની સૌથી વધુ અસર ભારતીય આઈટી પ્રોફેશનલો પર પડશે.દરમિયાન યુએસ સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસીસે વધુ એક પ્રસ્તાવ મુક્યો છે.ટ્રમ્પ પ્રશાશને હાલમાં જ એચ૧-બી વિઝાનો દુરપયોગ અટકાવવા માટે પ્રોફેશનલ્સમાં સર્વશ્રેષ્ઠ લોકોને આ સુવિધા આપવાનો પ્રસ્તાવ મુક્યો હતો.યુએસસીઆઈએસનું કહેવું છે કે ટ્રમ્પનો ઉદ્દેશ ત્યારે જ સંભવ થઈ શકશે જ્યારે દર વર્ષે જારી કરાતા ૮૫,૦૦૦ વિઝા વિદેશી સ્ટુડન્ટોને જ મળે.આનો લીધે યુએસસીઆઈએસે અમેરિકામાં વિદેશી સ્ટુડન્ટો માટે પ્રિ-રજીસ્ટ્રેશન સિસ્ટમ શરુ કરવાનો પ્રસ્તાવ આપ્યો છે. હવે જો આવું થયું તો કોઈપણ વિદેશી અરજી કર્તા એચ૧-બી વિઝા માટે અરજી નહીં કરી શકે. યુએસસીઆઈએસના અહેવાલ મુજબ અમેરિકામાં એચ૧-બી વિઝાની અરજી કરતાં દર ચારમાંથી ત્રણ જણ ભારતીય હોય છે.

સોલિડ કાર્બન ડાયોકસાઈડને ડ્રાય આઈસ તરીકે ઓળખવામાં આવે છે.તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# ધર્મ,સંપ્રદાય, જાતિ-જ્ઞાતિ, ભાષા કે પ્રાંતના વાડાથી બહાર આવી
# આવો, આપણે સૌ ભારતીયો એકતાનો સંકલ્પ કરીએ

## રાજ્યભરમાં એકતા યાત્રાને વ્યાપક જન સમર્થન
## એકતા યાત્રાની ઝલક

**૬૦થી વધુ એકતા રથ છે રાજ્યભરમાં પરિભ્રમણ**
**ગામે ગામ ફેલાયો સ્ટેચ્યુ ઓફ યુનીટી અને અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબની એકતા અને અખંડિતતાનો સંદેશ**
**દરેક ગામમાં એકતા યાત્રાના ભવ્ય સ્વાગત સાથે લેવાઇ રહ્યા છે એકતાના શપથ**
**રાત્રી રોકાણના ગામોમાં યોજાય છે જાહેરસભા અને સાંસ્કૃતિક કાર્યક્રમો**

## અખંડ ભારતના નિર્માણમાં સરદાર વલ્લભભાઇ પટેલનું અદકેરુ યોગદાન રહ્યું છે

**શ્રી નીતિનભાઇ પટેલ,નાયબ મુખ્યમંત્રી,ગુજરાત**

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
**વડાપ્રધાન, ભારત**

**શ્રી વિજયભાઇ રુપાણી**
**મુખ્યમંત્રી,ગુજરાત**

# સરકારની ગુલામીમાંથી સીબીઆઇને છોડાવવા માટે સુપ્રીમમાં પડકાર:સીબીઆઇ સરકારની ઇચ્છા પ્રમાણે વર્તતી નથી ત્યારે આવી સ્થિતિ સર્જાય છે : આલોક વર્મા



કેન્દ્ર સરકારે મંગળવાર રાત્રે સીબીઆઈના ડિરેકટર આલોક વર્માને રજા પર ઉતારી દેતાં તેમણે બીજે દિવસે સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં કરેલ અરજીમાં આલોક વર્માએ સરકાર પર ગંભીર આરોપો મુક્યા હતા.અત્યંત સંવેદનશીલ કેસોમાં સરકારી હસ્તક્ષેપનો સંકેત આપતાં સીબીઆઈ ડિરેકટર આલોક વર્માએ પોતાને રજા પર ઉતારી દેવાના સરકારના આદેશને પડકાર આપ્યો હતો.ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વ હેઠળની બેન્ચે આલોક વર્માની અરજી દાખલ કરી ૨૬ ઓક્ટો.ના રોજ સુનાવણી હાથ ધરવાનો આદેશ આપ્યો છે.

આલોક વર્માએ આરોપ મુક્યો હતો કે સરકારનો નિર્ણય ગેરકાયદેસર છે અને ઉચ્ચ સ્તરીય સમિતિને અવગણવામાં આવી છે.અત્યારે સ્વતંત્ર સીબીઆઈની જરુર છે.ઉચ્ચ હોદ્દેદારો સામેની તપાસમાં સીબીઆઈ સરકારની ઈચ્છા પ્રમાણે વર્તતી નથી ત્યારે આ પ્રકારની સ્થિતિ ઉભી થાય છે.સીબીઆઈમાં ડિરેક્ટરની નિયુક્તિ બે વર્ષની નિશ્ચિત મુદત માટે કરાય છે.મને રજા પર ઉતારીને સરકારે કાયદાનું ઉલ્લંઘન કર્યું છે.સીબીઆઈ ડિરેકટરની બદલી હાઈ પાવર્ડ કમિટિની સમંતિ બાદ થાય છે. મને રજા પર ઉતારી દેવાનો આદેશ કમિટિના આદેશની અવગણના કરે છે.સરકારનું હાલનું પગલું દર્શાવે છે કે સીબીઆઈ તાત્કાલિક ડીઓપીટીની કેદમાંથી આઝાદ કરાવવી જોઈએ.

આ વિભાગ સીબીઆઈની કામગીરીમાં ગંભીર અવરોધ સર્જે છે.સરકાર દ્વારા કરાતા હસ્તક્ષેપ લેખિતમાં હોતા નથી.સરકાર દ્વારા મોટા ભાગના મૌખિક આદેશ અપાતા હોય છે.અને તેની સામે લડવા માટે સાહસની જરરુ પડે છે.

# સીબીઆઇના ટોચના અધિકારીઓ સામે લેવાયેલ પગલાંનો વિપક્ષો દ્વારા ઉગ્ર પ્રત્યાઘાત

મોદી સરકાર અને વડાપ્રધાને સીબીઆઈ સામે રાજકીય બળવો કર્યો છે : સીતારામ યેચુરી.તેમણે કહ્યુ કે શા માટે રાકેશ અસ્થાના સામેના આરોપોની તપાસ કરી રહેલા અધિકારીને આંદામાનમાં કાળાપાણીની સજામાં મોકલી અપાયા છે.

બસપા સુપ્રીમો માયાવતીએ કહ્યુ હતું કે સીબીઆઈની કામગીરીમાં હસ્તક્ષેપ અને સરકારી મશીનરીનો દુરપયોગ અગાઉ મોટી હોનારતો સર્જી ચુક્યા છે.સીબીઆઈનો હાલનો ઘટનાક્રમ દેશ માટે મોટી ચિંતાનો વિષય છે. સારુ છે કે સીબીઆઈમાં સરકારી હસ્તક્ષેપ નો મામલો સુપ્રીમમાં પહોચ્યો છે.

શિવસેનાના સાંસદ અરવિંદ સાવંતે જણાવ્યુ હતું કે દુખની વાત છે કે ટોચની તપાસ એજન્સીના વડાઓ એકબીજા પર ભ્રષ્ટાચારના આરોપ મુકી રહ્યા છે આગામી લોકસભાની ચુંટણીમાં આ સૌથી મોટો મુદ્દો બની રહેશે.

કોગ્રેસી સાંસદ શરુ થરુરે કહ્યુ હતું કે પ્રવર્તમાન સંજોગોએ દેશની ટોચની તપાસ એજન્સીને સામાન્ય પોલીસ કક્ષાની બનાવી દીધી છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સરકારને સવાલ કર્યો " શું લોકો હનુમાન બની ગયા છે કે તેઓ પહાડ ઉંચકીને નાસી ગયા?"



રાજસ્થાનના અરવલ્લી એરીયામાંથી ૩૧ પહાડીઓ ગુમ થઈ જતાં સુપ્રીમ કોર્ટ ચોકી ગઇ હતી.વાસ્તવમાં આ વિસ્તારમાં ચાલી રહેલા ગેરકાયદે માઈનીંગને લીધે આમ બન્યું છે.સુપ્રીમ કોર્ટે ૨૪ કલાકનીઅંદર ૧૧૪.૩૪ હેકટર વિસ્તારમાં ચાલતા ગેરકાયદે ખનનને બંધ કરવા માટેનો આદેશ જારી કર્યો હતો.જસ્ટીસ મદન બી.લોકુર અને દીપક ગુપ્તાની બેન્ચે જણાવ્યુ હતું કે રાજસ્થાને આ મામલાને અત્યંત હળવાશથી લીધી હોવાથી અમારે આ આદેશ જારી કરવો પડ્યો છે.અરવલ્લી વિસ્તારમાં ૩૧ જેટલા પહાડો નાશ પામ્યા છે તેવા કેન્દ્ર સરકારની કમિટિનો અહેવાલનો પણ સુપ્રીમ કોર્ટે ઉલ્લેખ કર્યો હતો.રાજસ્થાનમાં પહાડીઓ ગાયબ થવાથી પણ દિલ્હીમાં પ્રદુષણનું સ્તર વધી રહ્યું છે.કોર્ટે પણ તેના તારણમાં આમ જણાવ્યુ હતું. બેન્ચે રાજસ્થાનના ચીફ સેક્રેટરીને આદેશનું પાલન કરવાના મુદ્દે એક એફીડેવીટ ફાઈલ કરવાનો આદેશ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે આકરી ટિપ્પણી કરતાં આ મામલે કહ્યુ હતું કે રાજસ્થાન અરવલ્લીમાં ખાણસબંધી પ્રવૃત્તિઓ દ્વારા રુ.૫૦૦૦ કરોડની રોયલ્ટી મેળવે છે.પણ એનો અર્થ એ નથી કે તેના માટે દિલ્હીના લાખો લોકોના જીવન ભયમાં મુકાય.સુપ્રીમ કોર્ટે આ ટીપ્પણી દેશની રાજધાની દિલ્હીમાં વધી રહેલા પ્રદુષણના પ્રમાણને ધ્યાનમાં રાખીને કરી હતી. કેમકે પહાડીઓ ગુમ થઈ જવાની સ્થિતિમાં વાયુ પ્રદુષણનો વધારો થઈ રહ્યો છે.

જસ્ટીસ મદન લોકુર અને જસ્ટીસ દીપક ગુપ્તાની બન્ચે રાજસ્થાન સરકારે ફાઈલ કરેલા સ્ટેટસ રિપોર્ટનો ઉલ્લેખ કર્યો હતો.અને કહ્યુ હતું કે તેના આધારે ખ્યાલ આવે છે કે અરવલ્લી પ્રદેશમાં ૧૧૫.૩૪ હેકટરના વિસ્તારમાં ગેરકાયદે ખાણ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ ઉપરાંત સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટિના રિપોર્ટનો પણ ઉલ્લેખ કરીને સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડીયા દ્વારા જે ૧૨૮ સેમ્પલ લેવાયા છે તેમાં ૩૧ પહાડીઓ ગુમ થઈ ગઈછે.સુપ્રીમે આ અંગે રાજસ્થાન સરકારને સવાલ કર્યો હતો કે શું લોકો હનુમાન બની ગયા છે કે તેઓ પહાડ ઉંચકીને નાસી ગયા ?સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સરકારની ઝાટકણી કાઢતા કહ્યુ હતું કે રાજસ્થાનમાં ૧૫-૨૦ ટકા પહાડીઓ ગાયબ થઈ ગઈ છે એ નરી હકીકત છે.રાજ્ય સરકાર ગેરકાયદે ખાણ પ્રવૃત્તિઓ રોકવામાં સદંતર નિષ્ફળ રહી છે.રાજ્ય સરકાર આ સમગ્ર મામલાને હળવાશથી લઈ રહી છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# ગંગાનદીને સ્વચ્છ કરવા માટે સરકારે ૩૮૬૭ કરોડનો ખર્ચ કર્યો પરંતુ નદી શુધ્ધ થવાને બદલે વધુ દુષિત થઇ

પ્રખ્યાત પર્યાવરણવિદ અને અનેક વર્ષથી ગંગા નદી શુધ્ધ કરવા માટે કાર્યરત રહેલા પ્રોફેસર જી.ડી.અગ્રવાલનું ગત ૧૧ ઓક્ટો.નિધન થયું હતું. તેઓ ૧૧૨ દિવસથી આમરણાંત ઉપવાસ પર હતા.તેમણે આ મામલે વડાપ્રધાન મોદીને ત્રણવાર પત્ર લખ્યો હતો.પરંતુ તેનો કોઈ જવાબ મળ્યો નહોતો.હવે એક આરટીઆઈમાં ખુલાસો થયો છે કે ગંગા નદી સ્વચ્છતો થઈ નથી ઉલ્ટું વધુ દુષિત થઈ ગઈ છે.વેબ પોર્ટલ ધ વાયરને આરટીઆઈ અંતગર્ત મળેલી જાણકારી અનુસાર અગાઉની તુલનામાં કોઈપણ સ્થળે ગંગા નદી સ્વચ્છ થઈ નથી.પરંતુ વર્ષ ૨૦૧૩ની તુલનામાં ગંગા નદી અનેક સ્થળે વધુ દુષિત થઈ છે.હકીકત એ છે કે ૨૦૧૪થી લઈને જુન ૨૦૧૮ સુધીમાં ગંગા નદીમાં સફાઈ માટે ૫૫૨૩ કરોડ રુપીયા ફાળવવામાં આવ્યા હતા. જેમાંથી ૩૮૬૭ કરોડ રુપીયાનો ખર્ચ થઈ ગયો છે.

કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડે દ્વારા આરટીઆઈ અંતગર્ત ઉપલબ્ધ કરાવવામાં આવેલી માહીતી અનુસાર વર્ષ ૨૦૧૭માં ગંગા નધીમાં બીઓડી(બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ)ની માત્રા વધુ હતી. એટલુંજ નહીં, નદીના પાણીમાં ડીઓ( ડીસોલ્ડ ઓક્સિજન)ની માત્રા મોટાભાગના સ્થળોએ ઘટી રહી છે.વૈજ્ઞાનિક માપદંડો અનુસાર સ્વચ્છ નદીમાં બીઓડીનું સ્તર ૩ મીલીગ્રામ પ્રતિ લિટરથી ઓછું હોવું જોઈએ. જો તે વધુ હોય તો તેનો અર્થ એ છે કે પાણી સ્નાન કરવા માટેકે સાફસફાઈ માટે પણ યોગ્ય નથી.

સીપીસીબીના ૨૦૧૭ના રિપોર્ટ અનુસાર ૮૦માંથી ૩૬ જગ્યાએ ગંગા નદીનું બીઓડી સ્તર ૩ મીલીગ્રામ પ્રતિ લીટરથી વધુ હતું. અને ૩૦ સ્થળે બીઓડી લેવલ ૨ થી ૩ મીલીગ્રામ પ્રતિ લિટરની આસપાસ હતું.સીપીસીબી ગંગા નદીના ઉદ્દગમ સ્થાન ગંગોત્રીથી લઈને પશ્ચિમ બંગાળ સુધી ગંગા નદીના પાણીની ગુણવત્તા ચકાસે છે. આ રિપોર્ટ અનુસાર, ઉત્તરાખંડના પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ હરિદ્વારમાં ગંગાની સ્થિતિ ઘણી ખરાબ છે.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.